# પૂ લાલચંદભાઈના પ્રવચનો
# પ્રવચન નં :- ૩૨, સમયસાર ગાથા ૩૪
# મહાવીર નિર્વાણ દિન, તા. ૨૨-૧૦-૮૭

આ શ્રી સમયસારજી પરમાગમ શાસ્ત્ર છે. તેનો જીવ નામનો પ્રથમ અધિકાર તેની ૩૪ નંબરની ગાથા છે. ગુજરાતી તો બધા જાણે છે ને? ગ્વાલીયરવાળા ગુજરાતી જાણે છે ને? ગુજરાતીમાં ઠીક આવે છે. હિન્દીમાં એવું નથી આવતું.

જૈનદર્શનમાં ત્યાગનું શું સ્વરૂપ છે? ત્યાગ. એ ૩૪ નંબરની ગાથા છે. ત્યાગ વિના ધર્મની શરૂઆત નથી થતી. તો સોનગઢના સંત ઉપર આક્ષેપ કરે છે કે આપ તો ત્યાગની વાત બતાવતા નથી. આમ ત્યાગ કરો, ત્યાગ કરો, સ્વાધ્યાય કરો, ચોવીસ કલાક સ્વાધ્યાય કરો, શાસ્ત્ર સ્વાધ્યાય-શાસ્ત્ર વાંચો. એમ, અજ્ઞાની જીવ અજાણ છે તો તે આક્ષેપ કરે છે, કરે. કરે છે, ત્યાગની વાત કાંઈ કરતા નથી. ભાઇ! સોનગઢના સંતે જે ત્યાગની વાત કરી છે, જે ત્યાગનો ઉપદેશ આપે છે એવો ઉપદેશ ત્યાગનો કોઇ આપતું નથી. આ જે આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, સંત, મુનિરાજે જે ત્યાગની વાત કરી છે એ ત્યાગ કોનો કરવો અને કેવી રીતે કરવો? ત્યાગની વિધિ શું છે? અને ત્યાગનો વિષય શું છે? કોનો ત્યાગ કરવો અને કેવી રીતે ત્યાગ થાય?

જૈનદર્શનમાં ગ્રહણપૂર્વક ત્યાગ છે. ગ્રહણ સાપેક્ષ ત્યાગને સમ્યક્ ત્યાગ કહેવામાં આવે છે. ગ્રહણ નિરપેક્ષ ત્યાગને પરમાત્મા ત્યાગ કહેતા નથી. જેટલી માત્રામાં કાંઇ ગ્રહણ થાય તો તેટલી માત્રામાં ત્યાગ થાય. જેમકે જેટલી માત્રામાં વીતરાગભાવનું ગ્રહણ થાય એટલી માત્રામાં ડીગ્રી ટુ ડીગ્રી રાગનો ત્યાગ થઇ જાય. એક વખતની વાત છે, માવજીભાઈ! દિલ્હીમાં ઘણા વર્ષ પહેલાની વાત છે. પંદરેક વર્ષ થઈ ગયા. ત્યાં એક જૈના વોચ કંપનીવાળા પ્રેમચંદભાઈ છે. તે પ્રસિધ્ધ છે, આખા હિંદુસ્તાનમાં તે પ્રસિધ્ધ છે. તેની ઘડીયાલ બનાવવાની જૈના વોચ કંપની છે. તેના તે માલિક પ્રેમચંદભાઇ. તો તે પ્રેમચંદજીના ઘરમાં ઉતર્યો હતો. ત્યાં હું ઘરે ઉતર્યો હતો. ૧૮ દિવસ રોકાણો.

આ ગ્રહણપૂર્વક ત્યાગની વાત છે આજ. ત્યાગની વાત સોનગઢના સંતે, સોનગઢના સંતે કાંઈ ત્યાગની વાત કરી છે? હા. એમણે જે ત્યાગની વાત કરી છે તેં સાંભળી પણ નથી. તે આજ સુધી કાંઇ ત્યાગ તો કર્યો નથી. કલ્પના જ કરી છે કે મેં ત્યાગ કર્યો. પણ ગ્રહણ વિના ત્યાગ ત્રણકાળમાં હોય શકે નહીં. જેમકે શાક માર્કિટે શાક લેવા જાય તો શાકનું ગ્રહણ કરે અને પૈસાનો ત્યાગ, કપડાની દુકાને ધોતી જોટા લેવા જાય તો ધોતી જોટાનું ગ્રહણ અને પૈસાનો ત્યાગ. ગ્રહણપૂર્વક ત્યાગ હોય. તો એ પ્રેમચંદજીના માતાજી હતા, ગુજરી ગયા હમણાં. તો

ગ્રહણપૂર્વક ત્યાગની વાત દિલ્હીમાં લાલમંદિર લાલમંદિર લાલકિલ્લાની સામે છે. તો ત્યાં પ્રવચન હતું. ગ્રહણપૂર્વક ત્યાગની વાત એમને કરી, બહુ ખુશી થયા.

ઘરે જઈને એમ કહ્યું કે, પંડિતજી! મેં કીધું હું પંડિતજી તો નથી હું વેપારી છું. પણ વાંચન કરે તેને બધા પંડિતજી કહેવાનો એક રીવાજ છે. તો કહે ભાઈસાહેબ! આજ સુધી મેં ગ્રહણપૂર્વક ત્યાગની વાત કયારેય સાંભળી નથી. ત્યાગની વાત સાંભળી. ત્યાગી લોકો આવે છે તેને હું ભોજન આપુ છું. મુનિરાજ આવે છે, ચોકા લગાવે વગેરે વગેરે. પણ બધા ત્યાગની વાત કરે છે પણ ગ્રહણપૂર્વક ત્યાગ આજ ૬૫ વર્ષની ઉંમરે નવો શબ્દ આવ્યો. આ શબ્દ જ નહોતો સાંભળ્યો. મૂળ દિગંબર. છતાં ગ્રહણપૂર્વક ત્યાગ. આહા! તો ત્યાગ કોનો કરવાનો? કોનો ત્યાગ કરી શકાય? અને તે ત્યાગ કેવી રીતે થાય? અને કાંઇક ત્યાગ થાય તો શું ગ્રહણ થાય? તેની વિધિ આ ૩૪ નંબરની ગાથામાં કુંદકુંદાચાર્ય ભગવાન સમર્થ આચાર્ય થયા. એ ગ્રહણપૂર્વક ત્યાગની વિધિ બતાવે છે.

**सव्वे भावे जम्हा पच्चक्खाई परे त्ति णादूणं ।**
**तम्हा पच्चक्खाणं णाणं णियमा मुणेदव्वं ।।३४।।**
**સૌ ભાવને પર જાણીને પચખાણ ભાવોનું કરે,**
**તેથી નિયમથી જાણવું કે જ્ઞાન પ્રત્યાખ્યાન છે. ૩૪.**

અદ્દભૂત ગ્રહણપૂર્વક ત્યાગની વાત સંતો કરી ગયા છે. આહા! ભગવાન મહાવીરે કરી. આજ ભગવાન મહાવીરનો નિર્વાણનો દિવસ છે. આજે મોક્ષ પધાર્યા તેમની મુક્તિ થઈ ગઈ. મુકાઈ ગયા. સંસારથી મુકત થઇ ગયા. ફરીથી એ ભગવાન મહાવીરનો આત્મા આ સંસારમાં આવવાનો નથી. માખણનું ઘી થયું તે થયું. તે ઘીનું ફરીથી માખણ ને દહીં ને દૂધ ને છાસ થાય એમ બનવાનું નથી. આહા! જે ઘી છે તેની પૂર્વ પર્યાયમાં તો માખણ હતું, તેની પૂર્વે દહીં હતું. તે દહીંને વલોવ્યું તે દહીં પહેલાં પૂર્વ પર્યાયમાં દૂધ હતું. તો કહે છે કે ઘી થયું તે થયું. ભઇ તેમાં દૂધ છે તો ચા બનાવવામાં કાંઇ થોડો કટકો નાખો, ચા બને બને નહીં. આહાહા! ઘી થયું તે થયું. એમ જેનો મોક્ષ થયો તે થયો તે ફરીને સંસારમાં અવતાર ધારણ કરતો નથી. માના ઉદરમાં તે જીવ આવતો નથી. આહા! માતાના ઉદરમાં ન આવે જનમ ન લે. જન્મ, જરા ને મરણનો ક્ષય જેને થઇ ગયો એવી નિર્વાણ પ્રાપ્તિ આજે ભગવાન મહાવીરને થઇ, ગૌતમ ગણધરને કેવળજ્ઞાન પ્રગટ થયું.

એ ભગવાન મહાવીરની વાણીમાં ત્યાગની વાત આવી ગૌતમ ગણધરે ઝીલી અને એની પરંપરામાં જે સંતો થયા તેમણે ત્યાગની વાત કરી. ત્યાગ વિના ધર્મ થઇ શકતો નથી. અરે! આ મુમુક્ષુઓ ત્યાગની વાત કરે છે? આ તો નવી વાત છે. તો શાસ્ત્ર સ્વાધ્યાય કરો. ચત્રભૂજભાઇ! ભાઈ તે ત્યાગની વાત સાંભળી નથી, ત્યાગ તો તેં કર્યો નથી. તે ધર્મનો ત્યાગ

કર્યો છે આજ સુધી. એટલી વાત સાચી. એટલી વાત તો સાચી છે. ધર્મનો ત્યાગ તો.. તો અત્યાર સુધી કર્યો છે ને હજી કરતો આવશ આ સમય સુધી. બીજા સમયે નહીં થઈ શકે. બીજા સમયે તું ધર્મનું ગ્રહણ કર, તો ધર્મનો ત્યાગ નહીં આવે પણ ધર્મનો ત્યાગ કર્યો છે પણ અધર્મના ત્યાગપૂર્વક ધર્મનું ગ્રહણ અથવા ધર્મના ગ્રહણપૂર્વક અધર્મનો ત્યાગ, એવી દશા, આહા! તેં આજ સુધી કરી નથી.

એ ત્યાગનું સ્વરૂપ આચાર્ય ભગવાન સમજાવે છે. સહેલું છે, સમજી શકાય એવું છે, ન સમજાય એવું નથી. આ શાસ્ત્રો લખ્યા ત્યારે એમને ખ્યાલ હતો કે જે હું લખું છું તેના ઉકેલ કરનાર, સમજનારા, જિજ્ઞાસાવાળા આત્માર્થી જીવો નીકળવાના છે. ભલે થોડા નીકળે પણ નીકળવાના છે. હીરાના વેપારીને ખબર છે કે શાક માર્કેટમાં જે ઘરાકી ને ગર્દી (ભીડ) હોય એવી ઘરાકી અમારે ત્યાં નહીં રહે પણ અમારો માલ ખરીદનારા તો નીકળે, નીકળે ને નીકળે, ભલે ઓછા. આહા!

એમ આ ચૈતન્ય હીરો છે એના ખરીદનારા, આહા! તેને અપનાવનારા, તેને જાણનારા, તેનું લક્ષ કરનારા, તેનો અનુભવ કરનારા નીકળે, નીકળે ને નીકળે જ. ભલે સંખ્યામાં થોડા હોય. સત્‌ને સંખ્યાની જરૂર નથી. એ વાત કરે છે ગાથાનો અર્થ. કુંદકુંદભગવાનની ગાથા છે, ૨૦૦૦ વર્ષ પહેલાં મદ્રાસથી ૮૦ માઈલ દૂર એક પોન્નુર હીલ છે. એ પોન્નુર એટલે સોનું. હીલ એટલે ટેકરી, મોટો પહાડ નથી ગીરનાર કે શેત્રુંજય જેવો પણ ટેકરી છે. થોડા પગથીયા છે.

એ પોન્નુર હીલ ઉપર તેની તપોભૂમિ હતી. ત્યાં તે તપ કરતા હતા. આત્માના ધ્યાનમાં મગ્ન રહેતા હતા. ત્યાં તેમના પગલા પણ છે. મોટા પગલા છે. તેના ઉપર ચંપાનું ઝાડ હતું. ફુલ પડતા હતા. ત્યાંથી તે સદેહે મહાવિદેહક્ષેત્રે પધાર્યા. દેવ જેના પૂર્વના મિત્ર હતા તે સ્વર્ગમાંથી આવીને તેને લઇ ગયા. આઠ દિવસ ત્યાં સીમંધરભગવાન પાસે રહ્યા હતા. ત્યાંથી આવીને આ શાસ્ત્રની રચના કરી છે. ભગવાન મહાવીરની પરંપરામાં તેમને શુધ્ધાત્માનો ઉપદેશ તો મળ્યો હતો પણ ભગવાનના દર્શનનો વિરહ તેમને લાગ્યો. આહાહા!

વર્તમાનકાળમાં કોઇ તીર્થંકર નહીં, કોઇકેવળી નહીં. તેને વિરહ લાગ્યો તેમાં કોઇ તેની યોગ્યતા-પાત્રતા, દેવ આવીને ત્યાં લઈ ગયા ને આઠ દિવસ ત્યાં રહ્યા હતા. ત્યાંથી આવીને આ પોન્નુર હીલ ઉપર આ શાસ્ત્ર તાડપત્રમાં લખાણા છે. એ તાડપત્ર ઉપરથી પછી એક હજાર વર્ષ પછી અમૃતચંદ્રઆચાર્ય થયા તેમણે આત્મખ્યાતિ નામની ટીકા, ટીકા એટલે હતું તેનો વિસ્તાર કરવો તેનું નામ ટીકા કહેવામાં આવે છે. એ ટીકા ચાલે છે. અત્યારે પહેલાં મૂળ ગાથાનો અર્થ ચાલે છે. પછી ટીકા.

કુંદકુંદભગવાન ફરમાવે છે કે, **જેથી પોતાના સિવાય**, પોતાના શુધ્ધાત્મા સિવાય, પોતાનો ચિદાત્મા સ્વરૂપ જે આત્મા છે અંતરમાં બિરાજમાન છે તે આત્મા સિવાય, જ્ઞાનમય આત્મા

સિવાય **સર્વ પદાર્થો પર છે**, શું કહ્યું? એક મારા શુધ્ધાત્મા સિવાય સર્વ જગતના પદાર્થો પર છે. આહા! એક કોર રામ અને સામી બીજુ આખું ગામ. એક જીવતત્ત્વ અહીંયા. જીવતત્ત્વ સામાન્ય શુધ્ધાત્મા અને બાકી સાતતત્ત્વ, નવ પદાર્થ, છ દ્રવ્ય, લોકાલોક, દેહ, મન, વાણી, કુટુંબ, કબીલા, આહા! ભગીની, ભાર્યા, માતા, પિતા, પુત્ર-પુત્રાદિ કુટુંબ, આહા! એ બધું મારાથી પર છે.

એક શુધ્ધાત્મા તે મારો છે અને બાકી બધું મારાથી પર છે, ભિન્ન છે. **એમ જાણીને**, આહા! **એમ જાણીને** આ પર પદાર્થો પર છે અને મારા આત્માથી એ પર છે. મારા શુધ્ધાત્માથી આ બધું મને જણાય છે. આ દેહ, મન, વાણી એ પર છે એમ જાણીને, એટલે કે એ કેવી રીતે એમ જાણવું કે મારા આત્માથી આ જુદા છે. કે આ દેખાય છે ને? આ મારા આત્માથી મકાન જુદું છે, જાણી લીધું, દુકાન જુદી છે. આહાહા! એ જાણ્યું નથી. પરના લક્ષે પર પદાર્થ જાણી શકાતા નથી. આહા! પોતાનો જે શુધ્ધાત્મા છે તેની સન્મુખ થઇને સ્વસંવેદનજ્ઞાન દ્વારા, સ્વાનુભવજ્ઞાન દ્વારા પોતાના શુધ્ધાત્માને સ્વપણે જાણ્યો.

જયાં સુધી શુધ્ધાત્માને સ્વપણે જાણે નહીં ત્યાં સુધી પરદ્રવ્ય ને પરભાવ પર છે એ જાણી શકાતા નથી. આહા! એ અંતરમુખજ્ઞાન દ્વારા, સ્વસંવેદનજ્ઞાન દ્વારા, સ્વાનુભવજ્ઞાન દ્વારા, અતીન્દ્રિયજ્ઞાન દ્વારા જે પોતાનો જ્ઞાનાનંદ પરમાત્મા અંદર બિરાજમાન છે. પરમાત્મા છે અંદર, બધા આત્મામાં બિરાજમાન, ભગવાન બિરાજમાન છે. કેમ દેખાતો નથી અમને? કે તું દેખતો નથી એટલે દેખાતો નથી. તું દેખ તો તને દેખાય. તને નથી દેખાતો એટલે બીજાને નથી દેખાતો એમ કેમ કહી શકાય? મને દેખાતો નથી એટલે જાણે કોઈને દેખાતો જ નહીં હોય. એમ ન કહી શકાય, ભાઈ! જ્ઞાનીઓને એ શુધ્ધાત્માના પ્રત્યક્ષ દર્શન થાય છે. એ કહે છે કે આ ગ્રહણપૂર્વક ત્યાગની વાત ચાલે છે. ધ્યાન રાખજો. ગ્રહણ કોનું ને ત્યાગ કોનો. શરત ગ્રહણપૂર્વક ત્યાગ છે. ગ્રહણ સાપેક્ષ ત્યાગ તે સમ્યત્યાગ કહેવાય. ગ્રહણ નિરપેક્ષ ત્યાગને ધર્મનો ત્યાગ કહેવાય. રમણીકભાઇ!

ત્યાગની વાત જગતે સાંભળી નથી. ત્યાગની વાત તો બધા કરે છે અન્યમતિમાં. આ ત્યાગ કરો, પચ્ચખાણ લ્યો, આ પચ્ચખાણની વાત છે. આ પ્રત્યાખ્યાનની વાત ચાલે છે. મૂળમાં પ્રત્યાખ્યાન કોને કહેવું, ત્યાગ કોનો કરવો અને કેમ થાય? એક કહે જગતના બધા જીવો ક્રોધ છોડો, માન છોડો, માયા છોડો, લોભ છોડો. આનો ત્યાગ કરો, આના પચ્ચખાણ લઈ લ્યો. બધા ત્યાગની વાત કરે છે પણ ગ્રહણ શેનું કરવું એ પૂછતા પણ નથી કે, સાહેબ! આપ ત્યાગની વાત કરો છો તે બહુ સારી વાત છે. આપ ત્યાગની વાત કરો છો તો વાત સારી છે કે ક્રોધ છોડવા જેવો છે, મોહ છોડવા જેવો છે, રાગ દ્વેષ છોડવા જેવા છે. વાત આપની સાચી પણ ગ્રહણ શેનું કરવું? એ મને મારા ગુરુએ કહ્યું નથી. હું ક્યાંથી તને કહું?

એ જ્ઞાની વિના ગ્રહણપૂર્વક ત્યાગની વાત કોઇ કહી શકે નહીં. અને કદાચ ધારી રાખે સમયસારથી કાંઇક ગ્રહણપૂર્વક ત્યાગ, તો એ ધારેલી વાત ગ્રહણપૂર્વક ત્યાગ નથી. આહાહા! એણે વિકલ્પને ધારી રાખ્યો છે. આત્મા તેમાં આવ્યો નથી. કહે છે પ્રભુ! એક વખત વાત તારા ઘરની છે આ. આ તારા ઘરની વાત સંતો સમજાવે છે. તને તારા ઘરમાં શું માલ છે એ તને ખબર નથી. તારા આત્મામાં શું શક્તિ ભરી છે, શું ગુણો છે, શું ગુણનું સામર્થ્ય છે એની તને ખબર નથી. જેમ કસ્તુરીયો મૃગ હોય, મૃગલો તેની ડુંટીમાં કસ્તુરી હોય. સુગંધ આવ્યા કરે અને ચારે બાજુ એ સુગંધને શોધે. સુગંધ તો આવે છે પણ સુગંધ અહીંયા છે તેની ખબર નથી, તેને ભાન નથી.

એમ સુખ અહીંયા ભર્યું છે અને દોડાદોડ કરે છે બહાર લેવા માટે. આહા! સવારના બ્રશ કરું તો સુખી થાઉં, મોઢું ધોવું તો સુખી થાઉં, ચા પીવું તો સુખી થાઉં, કાંઈક નાસ્તો કરું તો સુખી થાઉં, પછી મુખવાસ લઉં તો સુખી થાઉં, પછી બપોરે જમું તો, આહાર લઉં તો સુખી થાઉં, પછી બજારમાં કમાવા જાવ પૈસો મળે તો સુખી થાઉં. પછી પૈસાનો પાંચ ઇન્દ્રિયના વિષયના ભોગમાં જાવ તો સુખી થાઉં. એમ બહારથી સુખ માટે ફાંફા મારે છે.

આ સુખ કયાં છે અને સુખ કેમ મળે તેની અજ્ઞાનીને ખબર નથી. આહા! એ વાત આચાર્ય મહારાજ કરુણા કરીને જગતના અજ્ઞાની જીવોને સમજાવે છે કે પોતાના સિવાય, પોતાના શુધ્ધાત્મા સિવાય, જ્ઞાનમય-આનંદમય આત્મા સિવાય જે પરદ્રવ્ય અને પરભાવો છે, પરભાવો એટલે રાગ-દ્વેષ, મોહના ભાવો, પુણ્ય ને પાપના પરિણામ પરભાવો છે. આઠ કર્મ પરદ્રવ્ય છે. શરીરાદિ નોકર્મ પરદ્રવ્ય છે. લોકાલોક પરદ્રવ્ય છે. દેવ-ગુરુ-શાસ્ત્ર પરદ્રવ્ય છે. આહાહા! એક કુટુંબ, ભગીની, ભાર્યા મારી અને માતા-પિતા મારા, મારા, મારા. આહાહા!

એમ પરદ્રવ્યમાં મમતા કરીને જીવ મરી રહ્યો છે. પણ શુધ્ધાત્મા મારો અને આ પરદ્રવ્ય મારા નહીં એમ અંતરસન્મુખ થઇ નિર્મમત્વભાવની પ્રગટતાથી મમત્વભાવનો ત્યાગ કરવો તેને ગ્રહણપૂર્વક ત્યાગ કહેવામાં આવે છે. નિર્મમત્વભાવ, નિર્મોહદશા થાય છે અંતરમાં, શુધ્ધાત્માની સન્મુખ થઈને આત્માનો અનુભવ થાય છે. એ અનુભવ થવાના કાળે એ શુધ્ધાત્માના દર્શન થતાં એ જાણવામાં આવ્યો તેની પ્રતીતિ થઈ ગઈ કે શુધ્ધાત્મા જ હું છું. એમ એની પ્રતીતિ થતાં પરદ્રવ્ય અને પરભાવ મારા છે એવો જે મોહ અને મમત્વભાવ હતો તેનો ત્યાગ થઈ ગયો. ત્યાગ થઈ ગયો એટલે ત્યાગ કર્યો નથી પણ નિર્મોહદશા પ્રગટ થતાં મોહદશાની ઉત્પત્તિ ન થવી, મમત્વની ઉત્પત્તિ ન થવી તેનું નામ પરમાત્મા ત્યાગ કહે છે. આહાહા!

જ્ઞાનનું ગ્રહણ અને અજ્ઞાનનો ત્યાગ, સમ્યગ્દર્શનનું ગ્રહણ અને મિથ્યાત્વનો ત્યાગ, સ્થિરતાનું ગ્રહણ અને અસ્થિરતાનો ત્યાગ, અયોગનું ગ્રહણ અને યોગનો ત્યાગ. આહાહા! એમ

ત્યાગની વિધિ છે પચ્ચખાણની, પ્રત્યાખ્યાન. પહેલાં મિથ્યાત્વનો ત્યાગ પછી અવ્રતદશાનો ત્યાગ પછી કષાયનો ત્યાગ અને છેલ્લે યોગનો કંપનનો ત્યાગ તેને સિધ્ધ અવસ્થા પ્રગટ થાય છે. ભગવાન મહાવીરે આજના દિવસે યોગનો ત્યાગ કર્યો. અયોગનું ગ્રહણ અને યોગનો ત્યાગ. એ પ્રદેશનું જે કંપન હતું જેના નિમિત્તે કર્મનું આવરણ આસ્રવ થતો હતો. આસ્રવ એટલે? બંધ નહોતો થતો. યોગથી આસ્રવ અને કષાયથી બંધ.

કષાયનો ભાવ તો બારમા ગુણસ્થાને આવ્યા ત્યારે ચાલ્યો ગયો હતો. પરિપૂર્ણ વીતરાગદશા થઇ ગઇ. પણ તેરમા ગુણસ્થાને યોગનું કંપન મન, વચન, કાયાનો યોગ તેને સંયોગ હતો અને પ્રદેશનું કંપન થતું હતું. એ કંપન એ વિભાવ હતો. પ્રદેશનું કંપન તેરમા ગુણસ્થાને સામાન્ય જીવો કરતાં અનંતગણું હોય છે. કેમકે અનંતવીર્ય પ્રગટ થઈ ગયું છે. પણ એ જે યોગનું કંપન હતું તેનો પણ અયોગના આશ્રયે યોગનો નિરોધ કરી, એ આવ્યું હતું યોગનો નિરોધ કરીને પરમાત્મા અયોગજિનકેવળી થઈ ગયા. અને પછી વીતરાગ થઈ ગયા. આહાહા!

એમ અનુક્રમ છે. જૈનદર્શનમાં ત્યાગમાં પણ અનુક્રમ છે. ક્રમભંગ નથી. જગતના જીવો ક્રમભંગે ચડી ગયા છે. મિથ્યાત્વ, મિથ્થામાન્યતાને કાયમ રાખી. પરપદાર્થ મારા છે એવો અભિપ્રાય કાયમ રાખી, પૈસા મારા છે એવો અભિપ્રાય કાયમ રાખ્યો અને પાંચસો હજાર, પાંચ હજાર, પચ્ચીસ હજારનું દાન દીધું. આહાહા! ત્યાગ કર્યો. ત્યાગ નથી કર્યો, ધર્મનો ત્યાગ તે કર્યો. તે ભૂલ એ કરી કે પૈસા મારા હતા ને મેં ત્યાગ કર્યો એ પહેલી ભૂલ. પૈસા તારા કયાં હતા? તારા પિતાના પૈસા કયાં હતા? ગામઠી ભાષામાં તારા બાપના કયાં હતા? એનો સ્વામી તો પુદ્ગલ છે. પૈસાનો સ્વામી ધણી કયાં છે? જડનો ધણી તો જડ છે. આ ચેતન પરમાત્મા જડનો માલિક હોય શકે નહીં. આ ન્યાયથી વાત છે. જરાક શાંતિથી, રમણીકભાઈ! શાંતિથી. આહા!

આપણી પાસે લાખ રૂપિયા છે તેમાં પાંચસો, હજારનું દાન કરી દયો. બાકી નવ્વાણુ હજાર તો મારા. એક હજારનો ત્યાગ કર્યો. તો એટલો લોભ કષાય તો ઘટ્યો ને? એટલો તો ધર્મ થાય ને? કે ના તને ધર્મ થતો નથી. જેટલી કષાયની મંદતા થઇ એટલો શુભભાવ થયો પણ તે શુભભાવની સાથે એ પૈસા મેં આપ્યા-મિથ્યાત્વનો ભાવ પણ પ્રગટ થઈ ગયો. કેમકે નવ્વાણુ હજાર તો મારા ને? નવ્વાણુ હજારમાં મારાપણાની મમતા રાખીને એક હજાર તેણે છોડયા તો એટલો કષાયની મંદતા પૂરતો એને ભાવ આવ્યો. એને એનાથી પુણ્ય બંધાણું. અને પુણ્યના ફળમાં પાછો દુ:ખી થશે. પુણ્યનું ફળ દુ:ખ છે. આહાહા!

પુણ્યને ઇચ્છે છે તે આત્માને ઇચ્છતો નથી. પુણ્યની જેને ઇચ્છા છે તેને આત્માની ઇચ્છા નથી. પુણ્યની ઈચ્છાને પરમાત્મા પરિગ્રહ કહે છે. ઇચ્છા પરિગ્રહ, મૂર્છા પરિગ્રહ. પણ સાહેબ!

એક હજાર રૂપિયાનું દાન દઇ દીધું મોટું. નવ્વાણુ હજાર તો રાખ્યા. કોના? કે મારા. આહા! એ જડલક્ષ્મી એ તારી નથી ભાઇ! એ જડલક્ષ્મીનું એક હજારનું દાન આપ્યું ને શુભરાગ એ પણ તારો નથી. એ શુભરાગ ઉપર મમતા છોડવી પડશે. આહા!

મુમુક્ષુ - સાહેબ! આપવા કે ન આપવા?

ઉત્તર:- આપવા ન આપવાનો પ્રશ્ન નથી. એના કાળે જવાના હોય (તો) જાય છે અને એ વખતે તેની કષાયની મંદતા થાય છે અને તેમાં આત્મબુધ્ધિ રાખીને મિથ્યાત્વ પોષે છે. મિથ્યાત્વનો ત્યાગ તે ત્યાગ છે. આહા! મિથ્યાત્વ કાયમ રાખવું છે. ઘરની અંદર ઉંદર પણ હોય અને સર્પ પણ હોય. તો ઉંદર પકડી પકડી પાંજરામાં ને બહાર નાખી આવે. સર્પ ભલે આંટા મારે. અરે! સર્પને પહેલો કાઢવો જોઈએ, ઉંદર પછી, આહા! આ મિથ્યાત્વરૂપી જે સાપ છે સમયે સમયે ભાવમરણ થાય છે. શ્રીમદજીએ એને શબ્દ ભાવમરણ કહ્યો. ચેતના પ્રાણ હણાય છે. પરવ્યો અને પરભાવ મારા એવી મમત્વની દશામાં તેના ચેતના પ્રાણ નાશ પામે છે તેને સ્વહિંસા કહેવામાં આવે છે. આહા! તેણે હિંસા કરી. પરદ્રવ્યને મારા માનવા એ હિંસા છે મોટી. એમાં કોઇ જીવને માર્યો તો નહીં. એમાં હિંસા શેની? કે આ આત્મા સંજ્ઞી પંચેન્દ્રિય મર્યો. ચૈતન્યપ્રાણ એના હણાય ગયા. આત્મદર્શન થવા જોઇએ. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના વીતરાગી પરિણામ થવા જોઈએ તે વીતરાગી પરિણામ થયા નહીં. આહા!

પુરુષાર્થસિધ્ધિઉપાયમાં એક શ્લોક છે. કે ખરેખર હિંસાની વ્યાખ્યા શું છે? ખરેખર હિંસાની વ્યાખ્યા શું? પર જીવને મારવાનો ભાવ, દુઃખી કરવાનો ભાવ તો હિંસા છે જ. એ તો કોઈ પ્રશ્ન નથી. એ તો સામાન્ય ચીજ છે. એ તો મુસલમાન પણ કહે. પણ, આહાહા! સર્વજ્ઞ ભગવાને કહ્યું કે આત્માના સ્વભાવને ભૂલીને રાગની ઉત્પત્તિ થઈ તેને પરમાત્મા નિશ્ચયથી હિંસા કહે છે. પાપનો રાગ ઉત્પન્ન થાય એ તો હિંસા છે. સાંભળજો જરા, કઠણ લાગે પણ દિવાળીનો દિવસ મોટો છે. સાંભળેલું હશે તો કોઇક દિવસ વિચારમાં આવશે.

રાગની ઉત્પત્તિ થવી તેને પરમાત્મા હિંસા કહે છે. રાગના બે પ્રકાર, પાપનો રાગ અને પુણ્યનો રાગ, પૈસા કમાવાનો રાગ પાપનો રાગ અને પૈસાને સારી જગ્યાએ વાપરવાનો ધર્મમાં તે પુણ્યરાગ. કુટુંબ તરફનું લક્ષ જાય તે પાપનો રાગ અને સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર તરફ લક્ષ જાય તે પુણ્યરાગ. એ બધી હિંસા છે. આહાહા! ત્યારે શું કરવું ભગવાનના દર્શન કરવા કે (ન કરવા)? કરવા ન કરવાનો પ્રશ્ન નથી. એના સ્વરૂપને તું સમજી લે. એના સ્વરૂપને સમજી લે તો તારી હેયબુદ્ધિ આવશે. શુભભાવ રહેશે. આર્ય જીવને દયા, દાન, કરુણા, કોમળતાના પરિણામ તો આવે આવે ને આવે. આર્ય જીવને એટલા કૂણાં પરિણામ તો હોય.

જે આત્મહિત કરવા નીકળ્યો તેને પાપની અધિકતા ન હોય પણ શુભભાવ તો આવે, અને શુભભાવની અધિકતા ન હોય. આત્માની અધિક્તા હોય. શુભભાવને-પુણ્યને આગળ ન કરે.

પુણ્યને આગળ કરે તેને આત્મા પાછળ રહી ગયો. આત્મા આગળ રાખે અને આત્મા સુધી ન પહોંચાય ત્યાં સુધી આત્માના લક્ષપૂર્વક એવા શુભભાવ આર્ય જીવને દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, યાત્રાના ભાવ, કોઇ વખતે ઉપવાસનો ભાવ પણ તેને આવે. તપનો ભાવ પણ આવે, આવે છે એ કરતો નથી. આત્મા કરનાર નથી આત્મા જાણનાર છે. આ વાત જગતને ખબર નથી. શુભાશુભભાવ આવે તેને જાણે પણ કરે નહીં, આહા! કરનાર નથી.

એ કર્તુત્વબુદ્ધિ છોડવી એનું નામ ત્યાગ છે. અને અકર્તાના લક્ષે જ્ઞાતાભાવે પરિણમવું એનું નામ ગ્રહણ છે. આહા! આ ગ્રહણપૂર્વક ત્યાગની વાત દિવાળીના દિવસે છે. **જેથી પોતાના સિવાય**, તમારી માગણી હતી ને? ગ્રહણપૂર્વક ત્યાગની. માવજીભાઈની માગણી હતી કે ૩૪ ગાથા આપણે ચલાવો તો વિચાર આવ્યો કે આજે મોટો દિવસ છે, શરૂઆત આજથી કરો.

**જેથી પોતાના સિવાય**, પોતે એટલે કોણ? આ શરીર. પોતે. ના ના. શરીર તારું નથી ભાઇ! શરીરનો ધણી બીજો છે, પુદ્ગલ તેનો માલિક છે અને શરીરનો માલિક હું છું એમ માનીશ. આહાહા! ભેંસનો સ્વામી પાડો હોય. ભેંસનો સ્વામી કોણ હોય? મનુષ્ય હોય? આવો રાવજીભાઈ! છે જગ્યા. આવો અહીં આવો, નજીક આવો નજીક આવો. આપણા જૈનદર્શનમાં કોઈ ત્યાગની વાત છે કે નહીં? હા. ત્યાગની વાત છે પણ કોનો ત્યાગ કરવો અને કોનું ગ્રહણ કરવું તે વાત તે સાંભળી નથી. આચાર્યભગવાન ફરમાવે છે કે ગ્રહણપૂર્વક ત્યાગ થાય છે.

જેટલી માત્રામાં આત્મા આત્મસન્મુખ થઇ અને એકાગ્ર થાય, જેટલી માત્રામાં આત્મા વિજ્ઞાનઘન સ્વભાવ થતો જાય છે તેટલી માત્રામાં તે આત્મા આસ્રવોથી નિવર્તે છે. તો પહેલામાં પહેલો મિથ્યાત્વનો ત્યાગ. એ અનુક્રમ છે. મિથ્યાત્વ રાખીને, મિથ્યાત્વનો અર્થ શું? કે પરદ્રવ્ય મારા છે. આ આજુ બાજુના મકાન મારા નહીં પણ પ્રણામ સંકલ્પ મારું તેનું નામ મિથ્યાત્વ છે. પ્રણામ સંકલ્પનો માલિક ચત્રભૂજભાઇ નથી. ત્યારે તેનો માલિક કોણ છે? ચત્રભૂજભાઇએ પ્રશ્ન ઉઠાવ્યો.

હે ગુરુ આપ કહો છો કે માલિક આનો હું નહીં. તો મને કોઇ માલિક બતાવો તો મારું માલિકીપણું છોડી દઉં. કે હા પુદ્ગલ તેનો સ્વામી છે. આ બધી પુદ્ગલની રચના છે. આહાહા! માટે પુદ્ગલ તેનો સ્વામી છે. આ મકાનની સાથે સ્વસ્વામીસંબંધ પુદ્ગલનો છે. પુદ્ગલનું તે સ્વ છે અને પુદ્ગલ તેનો સ્વામી છે. એ આ પર્યાય જે છે મકાનની પર્યાય તે સ્વ અને તેનો સ્વામી પુદ્ગલ.

આત્માનું આ મકાન સ્વ અને આત્મા તેનો સ્વામી એમ છે નહીં. તે અજ્ઞાન ને મૂઢ છે. મકાનને મારું માને છે તે મૂઢ છે, અજ્ઞાની. આ દેહ છે તે મારો છે. અરે! દેહનો સ્વામી પુલ છે. આ દેહ તો પુદ્ગલની રચના છે. આમાં તો સ્પર્શ, રસ, ગંધ ને વર્ણ છે. જીવ નીકળશે એટલે આને તો બાળી નાખશે. આ તારી ચીજ નથી. તું ભૂલી ગયો. તારો તો આનાથી ભિન્ન જાણનાર, આનો પણ જાણનાર ને જાણનારનો પણ જાણનાર એવો આત્મા તે મારો છે. આહા! આને પણ

જાણે અને જાણનાર આત્માને પણ જાણે. એવો સ્વપરપ્રકાશક સ્વભાવી ભગવાન આત્મા તે મારો છે. આ દેહ મારો નથી. છોડી દે મમતા. દેહ છોડવો કે મમતા છોડવી. જરાક સરખી રીતે ત્યાગનું સ્વરૂપ સમજાવો.

શિષ્ય કહે છે કે પૈસા છોડવા કે મમતા છોડવી? આ પ્રણામ સંકલ્પને કોઈ ધર્માદા સંસ્થામાં આપી દેવું. અહીંયા ચાલે છે કહાન સોસાયટી આપણી સ્મૃતિમંદિર સ્મૃતિ. એમાં આપી દેવું? કે ના એ આપવા દેવા લેવાની વાત નથી. મમતા છોડી દે. આહાહા! તે તારી ચીજ નથી. એમ અંદરમાં શુભાશુભભાવ થાય છે સંકલ્પ ને વિકલ્પની જાળ ઊઠે છે. તે શુભાશુભભાવ તેનો સ્વામી પુદ્ગલ છે. તેનો સ્વામી આત્મા નથી. આ દયા-દાન-કરુણા-કોમળતાના પરિણામ, યાત્રાનો વિકલ્પ ઉઠયો શુભરાગ. તે શુભરાગનો સ્વામી આત્મા નહીં. આત્મા તો જ્ઞાનનો સ્વામી છે અને જ્ઞાન તેનું સ્વ છે. આહા! જ્ઞાન તે સ્વ અને તેનો સ્વામી આત્મા. સ્વસ્વામીસંબંધ એક જાતમાં હોય. બે જાતમાં સ્વસ્વામીસંબંધ ન હોય. આહાહા!

રાગ મારો સ્વ અને હું તેનો સ્વામી. એમ માનનારો તે મિથ્યાત્વને પોષે છે. અને એ શુધ્ધાત્માને જાણીને, અંતરમુખ થઈને, સ્વસંવેદનજ્ઞાન દ્વારા એ જ્ઞાનાનંદ પરમાત્માને જાણ્યો કે આ મારો સ્વ અને હું તેનો સ્વામી. જ્ઞાયકભાવ તે સ્વ અને જ્ઞાયકભાવ તેનો સ્વામી. સ્વસ્વામીસંબંધ એક જાતમાં અંદરમાં છે. તેને બદલે આત્મા અજ્ઞાની હું સ્વામી અને આ શુભાશુભ પુણ્ય-પાપના પરિણામ થાય તે મારા તેમાં મમતા કરે છે. એ મમતાનો ત્યાગ પ્રથમમાં પ્રથમ કરવો જોઈએ. એ મમત્વનો ત્યાગ કેમ થાય કે શુધ્ધાત્માને જાણતા, શુધ્ધાત્મામાં અહમબુધ્ધિ થઇ, પુણ્ય-પાપમાં અહમબુધ્ધિ છૂટી જાય એવા વીતરાગી નિર્મમત્વ પરિણામ જયારે પ્રગટ થાય છે ત્યારે પર મારું તેવા મમત્વ ભાવનો ત્યાગ થઇ જાય છે. આહા! એનું નામ મિથ્યાત્વનો ત્યાગ થયો કહેવામાં આવે છે.

એમ અજ્ઞાનનો ત્યાગ. આ શાસ્ત્રજ્ઞાન છે તે જ્ઞાન નથી અજ્ઞાન છે. એ આત્મજ્ઞાન થતાં આ જ્ઞાન મારું એવી બુધ્ધિ મટી જાય છે. શાસ્ત્રનું જ્ઞાન રહી જાય છે પણ શાસ્ત્રના જ્ઞાનમાં મમતા છૂટી જાય છે. શાસ્ત્રજ્ઞાન કોઇ છોડી ન શકે. શાસ્ત્રજ્ઞાનને છોડવાની વાત નથી પણ શાસ્ત્રજ્ઞાન છે તે ઇન્દ્રિયજ્ઞાન છે તે મારું જ્ઞાન નથી. એમ ઇન્દ્રિયજ્ઞાનને ઇન્દ્રિયજ્ઞાન જાણીને, અતીન્દ્રિયજ્ઞાનમય આત્માને અંતરમુખ થઇને જાણીને, અતીન્દ્રિયજ્ઞાનમય આત્મા તે મારો છે અને ઇન્દ્રિયજ્ઞાન મારું નથી. ઇન્દ્રિયજ્ઞાન રહી જાય અને મમતા છૂટી જાય. એનું નામ ગ્રહણપૂર્વત્યાગ છે. આ તો સહેલું છે આજ તો. ગ્રહણપૂર્વત્યાગની વાત તો લોકોને પ્રિય લાગે. હા.. કાંઇક ત્યાગની વાત આવી. અમારી વાત આવી. તમારી વાત તમે સમજો છો એવી વાત નથી.

અપૂર્વ વાત છે. સંતોની વાત જેણે આત્માનો સાક્ષાત્કાર કર્યો, આત્માનો અનુભવ. જે નિરંતર અતીન્દ્રિય આનંદનું ભોજન કરનારા છે મુનિરાજ તો. આહા! આત્માને સાધે તેને સાધુ કહેવામાં આવે છે. પાંચ મહાવ્રતને સાધતા નથી. પાંચમહાવ્રત આવે તેને જાણે છે. સાધે છે આત્માને અને પાંચમમહાવ્રતને જાણે છે કે આ પ્રભાવ છે. તે મારા ભાવો નથી. એ પાંચમહાવ્રતનો સ્વામી, આહા! પુદ્ગલ છે. સાંભળવી કઠણ પડે તેવી વાત છે. પાંચમહાવ્રતના જે શુભભાવ સાધકને મુનિરાજને ૨૮ મૂળગૂણના શુભરાગ આવે છે. પણ તે શુભરાગનો સ્વામી અમારા સાધુ ન હોય અને શુભરાગનો સ્વામી માને તે અમારા સાધુ ન હોય. અમે તેને નમસ્કાર ન કરીએ. આહાહા!

તેને મમત્વ છૂટી ગયું છે અને શુધ્ધાત્મામાં લીન થવાનો પ્રયત્ન નિરંતર કરે છે. ક્ષણમાં તો નિર્વિકલ્પધ્યાનમાં ચાલ્યા જાય છે. આહા! ક્ષણમાં સવિકલ્પ અને ક્ષણમાં નિર્વિકલ્પ એવી ધર્મધ્યાનની ઉગ્ર ધારા. ધર્મધ્યાનની ઉગ્ર ધારા. ચોથે પાંચમે નાની ધારા છે. છોટી ધારા છે. આહા! પુરુષાર્થ ઓછો છે. છઠ્ઠા-સાતમા ગુણસ્થાને ઉગ્ર ધારા છે. ક્ષણમાં વિકલ્પ ને ક્ષણમાં નિર્વિકલ્પ અતીન્દ્રિયઆનંદનું ભોજન કરનાર છે. તેને ત્રણ કષાયનો અભાવ થઇ ગયો છે. ત્રણ કષાયનો ત્યાગ છે. પણ ત્રણ કષાયનો ત્યાગ છે, જેટલી વીતરાગતાનું ગ્રહણ છે તેની માત્રામાં ત્રણ કષાયનો ત્યાગ છે. અકષાયનું ગ્રહણ અને કષાયનો ત્યાગ. ક્ષમાનું ગ્રહણ અને ક્રોધનો ત્યાગ. આહા! એ ક્ષમાની જાત પણ જુદી.

આ જે વ્યવહારિક શુભભાવની ક્ષમા છે તે નહીં. ઉત્તમક્ષમાં. વીતરાગભાવને પરમાત્મા ક્ષમા કહે છે. ક્ષમાની વાત પાછી સાંભળી નથી. આહા! ક્ષમાવું છું. ભાઇ! એ તો શુભભાવ છે. **'પોતાના સિવાય સર્વ પદાર્થો પર છે'**. આહાહા! આ જ્ઞાની ધર્માત્માની અમોઘવાણી છૂટે છે કે તારા શુધ્ધાત્મા સિવાય તું તો જાણનાર દેખનાર છો. જાણનાર દેખનારું એ તત્ત્વ તારું છે. અને જે જણાય છે તે ચીજ તારી નથી. મમતા છોડી દે. આહા! એમ પર છે એમ જાણીને પ્રત્યાખ્યાન કરે છે, ત્યાગ કરે છે. પ્રત્યાખ્યાન એટલે? ત્યાગ. પોતાના આત્મા સિવાય આ પરદ્રવ્યો પર છે એમ જે જાણે તેને જ્ઞાનને પ્રત્યાખ્યાન કહેવામાં આવે છે.

૩૫મી ગાથામાં એક દૃષ્ટાંત આપે છે કે જેવી રીતે ધોબીના ઘરે, ધોબીના ઘરે તો બધાના કપડા જાય ને? એના તો બધાય ઘણા ઘરાક હોય. એક ઘરાક ન હોય, તો તે ચાદર આવી બેય ઠેકાણેથી, ચાદર ધોવા માટે. તો એકની ચાદર બીજાને વહી ગઈ ભૂલથી. ઓલો ઓઢીને સૂતો હતો નિરાંતે પોતાની જાણીને. ધોબીને ત્યાંથી લાવ્યો. માર્કો જોયો નહીં અને ચાદર ઓઢીને સૂતો હતો. તો એ બીજે ચાદરવાળો ગયો ધોબીને ત્યાં કે મારી ચાદર લાવો. તો ચાદર તેને આપી. આ ચાદર મારી નહીં. મારું આમાં નિશાન નથી. ધોબી કહે કાંઇક ચાદરની બદલી થઇ છે. તેણે વિચાર કર્યો કે કાલે એક ભાઈ આવ્યા હતા અને ચાદર બદલી ગઇ છે તે વાત

સાચી છે. તમે એમ કરો આ ચાદર લઇ જાવ અને હું ઠેકાણું આપુંને ત્યાં તમે જાવ. માણસ સજ્જન અને પ્રમાણીક છે. તમારી ચાદર તમને આપી દેશે. નિરાંતે જમી કારવીને ઓલા ભાઇ તો સૂતા હતા. આહા! આ ભાઈ ગયા. તેણે આમ જરા છેડો ખેંચ્યો, ભાઈ! ભાઇ! જરા ઊઠો. આ મારી ચાદર બદલામાં તમારી પાસે આવી ગઇ છે. આ ચાદર તમારી નથી. આ ચાદર ઓઢી છે તે મારી છે. એમ વારંવાર વારંવાર બે ચાર વાર શબ્દ બોલ્યો. ત્યાં ઓલો જાગી ગયો. ભાઈ આ તમે ઓઢી છે તે ચાદર મારી છે. એ ચાદર તમારી નથી. ભાઇ ઉઠયા. ચાદર છે હજી ખોળામાં. ચાદર આપી નથી. ચાદર કહેવાય ને? હિન્દીમાં શું કહેવાય? ઓઢવા માટે. તેણે નિશાની જોઇ. હા ભાઇ! આ ચાદર તમારી છે. મારી નથી. ચાદર આપી નથી અને મમત્વ છૂટી ગયું. આ ચાદર મારી છે એવી મમતા છૂટી ગઇ. આહાહા!

આ મિથ્યાત્વના ત્યાગની વિધિ અલગ ટાઇપની છે. પછી એમ થયું કે આ ચાદર મારી નથી પછી એ ચાદરવાળાને આપી દીધી અને પોતાની ચાદર લઈ લીધી. એમ ૩૫ ગાથામાં દૃષ્ટાંત ધોબીના ઘરે ચાદર ગઇ હતી તેનું દષ્ટાંત ૩૫ ગાથામાં આપે છે. પણ કોને ટાઇમ ફરસદ વેપારમાં, પૈસા કમાવામાં. એમાં પણ કમાણી વધે એટલે તો તરત જ ધર્મને ભૂલી જાય. આહા! વધતી કમાણીમાં તો આત્માને યાદ (ન કરે). બહુ દુઃખી થાય ત્યારે ધર્મને યાદ કરે. આહાહા!

અહીંયા કહે છે કે હે ભગવાન આત્મા તું તો જ્ઞાનમય છો ને? આ જ્ઞેયો જણાય છે તે તારા નથી. નિશાની ફેર છે. જ્ઞેયમાં જડત્વપણું છે અને જ્ઞાનમાં ચેતનપણું છે. બેયની નિશાની જુદી છે. આ દેહની નિશાની જુદી ને આત્માની નિશાની જુદી. નિશાન મેળવી લે ને? નિશાન મેળવ્યા પછી જો કે આ ચીજ તારી છે કે નથી? કે આહાહા! આ તો જડ અચેતન છે. આજ સુધી હું દેહને મારો માનતો હતો. લક્ષણ ભેદે ભેદ, નિશાની જુદી. આમાં નિશાની જડની છે. આમાં વંચાય છે, હોં! વાંચે તેને ખબર પડે ને? વાંચે તેને ખબર પડે.

જેમાં સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ હોય તેને જડ કહેવામાં આવે છે. અને જેમાં ચેતનાલક્ષણ હોય, ઉપયોગલક્ષણ હોય તેને આત્મા કહેવામાં આવે છે. ચેતન લક્ષણથી ચેતના દ્વારા આત્માને જાણ્યો તે ચૈતન્યલક્ષણવાળો આત્મા તે હું છું. અને આ ચૈતન્યલક્ષણથી ભિન્ન લક્ષિત છે તે મારી ચીજ નથી. એમ નિશાની ફેર છે. આ નોટ હાથમાં લઈને, હાથમાં નોટ રાખી અને જુઓ આ નોટ મારી છે કે પારકી છે? તો કહે નોટ તો મારી દેખાય છે. ઉભો રહે, નિશાની મેળવી લે.

તારો જે આત્મા છે તે તો જ્ઞાનમય છે અને જો આમાં જ્ઞાન હોય તો તારી નોટ બરાબર છે. ના, તેમાં જ્ઞાન તો નથી. જો એમાં જ્ઞાન નથી તો જડ છે, તારી ચીજ નથી. છોડી દે મમતા. નોટ છોડી દયે કે મમતા છોડી દયે? પહેલાં મમતા છૂટે ને પછી નોટ છૂટે. નોટને

છૂટવામાં થોડીક વાર પણ લાગે. આહા! આ મર્મ, આહા! મિથ્યાત્વનો ત્યાગ પહેલાં થઇ જાય. નોટનો ત્યાગ પછી થાય ક્રમે ક્રમે. આહાહા! આ ધર્મ સારો! નોટ પણ રહી ગઈ અને ધર્મ પણ થઈ ગયો. ભાઈ! નોટ લાંબો ટાઇમ તારા હાથમાં નહીં રહે, બાપુ! તને વૈરાગ્યદશા ઉત્પન્ન થશે. એ કંચન-કામીનિનો ત્યાગ કરીને જંગલમાં જઈને તું સાધુ થવાનો છો.

એક વાર મમતાનો ત્યાગ કર. અલ્પકાળમાં મોક્ષ થાય થાય ને થાય જ. સંતો કોલ કરાર કરે છે. આ ગૃહસ્થઅવસ્થામાં મમતાનો ત્યાગ થાય છે. કે ઘરમાં રહીને ત્યાગ થાય? કે હા. આત્માના ઘરમાં રહીને પરઘરનો ત્યાગ થાય. આત્માના ઘરમાં જ્યાં આવ્યો. આ નિજઘર છે અને આ ઘર મારું નથી. આત્માના ઘરમાં રહેતો પરઘર ઉપર મમત્વનો ત્યાગ તેને ગ્રહણપૂર્વક ત્યાગ કર્યો કહેવામાં આવે છે. ગુણવંતભાઈ! આવી વાત છે. ગુણવંતભાઈને પ્રમોદ આવે છે. આવે ને, પોતાની વાત છે. આ ઘર મારું નિશાની મેળવી લે. ઘર તારું હોય તો તારી જેવી નિશાની એવી, (એની નિશાની હોય) નિશાની મળતી નથી.

હું ચેતન ને આ જડ. ઠીક, આ પાપના પરિણામ મારા નહીં પણ પુણ્યના પરિણામ તો મારા ને? ઊભો રહે. મારા પછી. નિશાની મેળવી લે. મેળવ નિશાની. પુણ્યના પરિણામ તેમાં ચેતનતા છે? જાણવા-દેખવાની શકિત, જાણવા-દેખવાની શકિતથી તો પુણ્યના પરિણામ આંધળા છે. આંધળા છે તેમ તું દેખતો છો. નિશાની ફેર છે માટે પુણ્યના પરિણામ મારા નથી. છોડી દે મમતા. પુણ્યના પરિણામ છોડવાની વાત નથી. ધ્યાન રાખજો મમતા છોડવાની વાત છે. પુણ્ય છોડશે તો પાપમાં ચાલ્યો જાશે.

પુણ્યને છોડવું કે ગ્રહવાની વાત નથી પણ એ પરિણામ મારા છે એમ ધણી થઈને તું બેઠો છો એ ધણીપણું છોડી દે અને ચેતન પરમાત્મા તે હું છું, આ ચૈતન્યલક્ષણે લક્ષિત તે હું અને અચેતનલક્ષણે લક્ષિત તે પારકી ચીજ છે, મારી ચીજ નથી. એમ જાણીને જે આત્માનું ગ્રહણપૂર્વક ત્યાગ કરે છે તે અલ્પકાળમાં મોક્ષને પામે છે.

ૐ